|| જય લક્ષ્મીનારાયણ || || सनातन परमो धर्म || || શ્રી ઉમિયાયે નમઃ ||

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ



જ્ઞાતિ રીત રિવાજો અને નીતિ નિયમો

મુખ્ય કાર્યાલય
પાટીદાર વિદ્યાર્થી ભવન
નખત્રાણા, જી. કચ્છ-૩૭૦૬૧૫.
મો. ૯૯૦૯૦૫૧૩૬૦ Email: office@abkkpsamaj.org

Real Patidar Library

About Real Patidar books

|| જય લક્ષ્મીનારાયણ || || सनातन परमो धर्म || || શ્રી ઉમિયાયે નમઃ ||

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ



જ્ઞાતિ રીત રિવાજો અને નીતિ નિયમો

મુખ્ય કાર્યાલય

પાટીદાર વિદ્યાર્થી ભવન

નખત્રાણા, જી. કચ્છ-૩૭૦૬૧૫.

મો. ૯૯૦૯૦૫૧૩૬૦ Email: office@abkkpsamaj.org

With Best Compliments from

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

મધ્ય મહારાષ્ટ્ર ઝોન

મુખ્ય કાર્યાલયઃ પાટીદાર ભવન, જાલના રોડ, છ. સંભાજી નગર – ૪૩૧ ૦૦૫

પ્રમુખ

શ્રી જેઠાલાલ રતનસી દિવાણી, કોપરગામ. ૯૮૨૨૦૧૫૭૪૦

પૂર્વપ્રમુખ

શ્રી ખેતશી લખમસી રવાણી, નાશિક. ૯૮૨૨૦૪૬૭૪૭

ઉપપ્રમુખ

શ્રી શંકરલાલ રાજારામ લિંબાણી, જલગામ. ૯૮૨૩૦૪૪૨૬૯

શ્રી શરદભાઈ શાંતીલાલ માવાણી, નાશિક રોડ. ૯૪૨૨૨૫૧૦૮૨

શ્રી ભાવેશ નારાયણભાઈ દિવાણી, છ. સંભાજી નગર. ૯૪૨૨૨૧૧૪૭૭

મહામંત્રી

શ્રી હસમુખ કરસન છાભૈયા, નાશિક રોડ. ૯૪૨૨૨૬૨૦૮૧

મંત્રી

શ્રી નાનજી રતનસી રામાણી, ચાલિસગામ. ૯૪૨૨૨૮૪૮૮૮

શ્રી મોહન માવજી પોકાર, શ્રીરામપૂર. ૯૩૨૬૬૧૦૧૧૭

શ્રી જીવરાજ હિરાલાલ પેથાણી, છ. સંભાજી નગર. ૯૩૨૫૨૨૨૯૯૯

ખજાનચી

શ્રી દામોદર જીવરાજ સાંખલા, નાશિક. ૯૪૨૨૭૭૦૮૩૮

સહ ખજાનચી

શ્રી હિરાલાલ પુરુષોત્તમ રામજીયાણી, ધુલીયા. ૯૪૨૨૭૮૬૧૩૪

ન્યાય સમિતી

પ્રમુખ–શ્રી રામજીભાઈ દેવશી ચવ્હાણ, છ. સંભાજી નગર. ૯૪૨૨૨૨૫૧૦૩

મંત્રી–શ્રી જીવરાજ કરમસી દિવાણી, છ. સંભાજી નગર. ૯૪૨૨૬૫૨૭૭૫

મહિલા સંઘ

પ્રમુખ– સૌ. હેમલતાબેન મગનલાલ સાંખલા, છ. સંભાજી નગર. ૯૭૬૨૬૬૨૦૦૨

મહામંત્રી– સૌ. ઈલાબેન કાંતીલાલ સાંખલા, સિન્નર. ૮૬૯૮૯૫૦૦૪૭

યુવા સંઘ

પ્રમુખ– શ્રી ધીરજ પ્રભુલાલ સાંખલા, છ. સંભાજી નગર. ૯૮૯૦૧૮૮૮૦૮

મહામંત્રી– શ્રી ભાવિન નવીનભાઈ પોકાર, નાશિક. ૯૪૨૨૨૪૯૧૯૦

તથા સમસ્ત કારોબારી મંડળ અને ન્યાય સમિતી મંડળ હાર્દિક શુભેચ્છા પાઠવે છે.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
નખત્રાણા-કચ્છ.

નિવેદન

વ્હાલાં જ્ઞાતિજનો,

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના આપણે સૌ જ્ઞાતિજનો કચ્છ સમગ્ર ગુજરાત તેમજ ભારતભરના જુદા જુદા પ્રાંતો ઉપરાંત વિશ્વના અનેક દેશોમાં ધંધાર્થે વિસ્તર્યા છીએ, દાયકાઓ પછી પણ સંગઠનના માધ્યમથી માદરે વતન કચ્છ અને જ્ઞાતિજનો સાથે સંબંધની સ્નેહ ગાંઠે બંધાયેલા છીએ, સૌના હૃદયમાં વતન અને જ્ઞાતિ માટે સદભાવ આજે પણ અખંડિત રહ્યો છે.

જુદા જુદા વિસ્તારોમાં વસવાટ કરતા હોવા છતાં આપણી વ્યવહારિક એકતાને કારણે આજે પણ આપણા સામાજિક રીત રિવાજોમાં મહદઅંશે યોગ્યતા અને સામ્યતા જળવાઈ રહી છે. આવનારા સમયમાં પણ જ્ઞાતિની એકતા વધુ દ્રઢ થાય, સર્વાંગી વિકાસના પથ પર આપણા સૌની આગેકૂચ થાય, જ્ઞાતિમાં એકવાયકા, સંપ, સંગઠન જળવાય તેના માટે આપણા વડીલોએ વિચાર મંથન કરીને સમાજના શુભ-અશુભ પ્રસંગોએ પાળવાના થતા રિત રીવાજોના નિયમો બનાવી તેના અમલીકરણ માટે નિરંતર પ્રયત્ન કર્યા છે.

કશુંય કાયમી નથી સિવાય પરિવર્તન

આદિ માનવથી આજ પર્યંત જંગલી અવસ્થાથી સુસંસ્કૃત અવસ્થા સુધીની માનવીની જીવન યાત્રા હંમેશા પરિવર્તનશીલ રહી છે માનવીના જીવનમાં સામાજિક, આર્થિક, રાજકીય કે અન્ય ક્ષેત્રે પરિવર્તન નિરંતર આવ્યા જ કરે છે. સમયની સાથે સમયની માંગ પ્રમાણે ક્યાંક આંશિક પરિવર્તન તો ક્યાંક આમૂલ પરિવર્તન થયા જ કરે છે આ પરિવર્તનની દિશા યોગ્ય હોય તો તે વિકાસ અને પ્રગતિનું સૂચક છે. જે વ્યક્તિ સમાજ કે રાષ્ટ્ર પરિવર્તનથી વિમુખ રહે છે તે સમય સાથે કદમ મિલાવી શકતા નથી. આપણે સમાજના સંગઠનની સ્થાપના સમયથી જ્ઞાતિના રીત રિવાજો જ્ઞાતિના જનમાનસમાં પ્રસ્થાપિત કરી શક્યા છીએ. **શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ**ના નેજા હેઠળ પહેલી વખત તા.૧ ઓક્ટોબર ૧૯૪૪ ના રોજ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના રીત રિવાજો ઘડવામાં આવેલ ત્યારબાદ કેન્દ્રીય સમાજના નેજા હેઠળ યોજાયેલ જ્ઞાતિ અધિવેશન ૧૯૬૦, ૧૯૭૭, ૧૯૮૫, ૧૯૯૩ અને ૨૦૧૦માં તેમજ ૧૯૭૧ અને ૨૦૦૬ શ્રી સમાજની સમાન્ય સભામાં જરૂરી સુધારા વધારા કરી રીત રિવાજો પસાર કરવામાં આવેલ, આજે પણ આપણી જ્ઞાતીમાં જ્ઞાતીના રીત રિવાજોને આદર્શ સાથે મહત્ત્વ આપવામાં આવે છે.

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં જન્મ મળવો તે દુર્લભ છે આપણી જ્ઞાતિની જનેતાઓએ કાળક્રમે સંતો અને સમાજ સુધારકોને જન્મ આપ્યા છે અને જેના થકી સમયાંતરે સમાજના આદર્શ આચાર, વિચાર અને સંસ્કારની માવજત થતી રહી છે.

ધાર્મિક ક્ષેત્રે સદીઓ પહેલા આપણા સમાજની સનાતની નાવ મજધારે હાલક ડોલક થઈ હતી પરંતુ કુળદેવી મા ઉમા અને ઈષ્ટ દેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની કૃપા તથા આપણા પુણ્ય પ્રતાપી વડીલોના આશીર્વાદથી આપણે સ્વધર્મમાં પાછા ફર્યા, આજે મહદ અંશે આપણી સમગ્ર જ્ઞાતિ નિર્ભય રીતે શુદ્ધ સનાતની પંથે પ્રસ્થાન કરી ચૂકી છે. તા.૧૪/૫/૨૦૨૩ના શ્રીસમાજના પ્રથમ સનાતની અધિવેશન પછી આપણે સમાજના વિકાસ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. આજકાલ સામાજિક પ્રસંગોમાં મતલબ વગરનો મોભો બતાવવા બિનજરૂરી ખોટા ખર્ચાઓ કરવામાં આવે છે આવા દેખાદેખીથી પોતાના ગજા ઉપરાંત થતા સામાજિક ખર્ચાઓને નિયંત્રિત કરવા જરૂરી છે.

વર્ષ ૨૦૨૩ મે માસના તા.૧૦ થી ૧૪ નખત્રાણા ખાતે આપણી **માતૃ સમાજ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ**ના નેજા હેઠળ ત્રિવિધ મહોત્સવ ઉજવવામાં આવ્યો, સાથે સાથે કરાંચી અધિવેશનને સો વર્ષ પૂરા થતા હોય પ્રથમ સનાતની અધિવેશનની પણ દબદબાભેર ઉજવણી કરવામાં આવી. જેમાં **સંતશ્રી ઓધવરામજી મહારાજશ્રીએ** પુસ્તક શ્રી ઈશ્વર-વિહારી વિલાસ, ભાગ બીજો પાના નં. ૩૬૨ પર સ્પષ્ટ નિર્દેશ કર્યા મુજબ **"નિયમો પ્રમાણે વર્તે નહીં અને દુરાગ્રહથી એ પંથ સાથે વળગી રહે તેની સાથે સનાતન ધર્મ પ્રમાણે વર્તનાર સુધારક ભાઈઓએ કોઈપણ પ્રકારનો સંબંધ રાખવો નહીં અને તેઓનો ત્યાગ કરવો કારણ કે એમ કરવાથી કડવા પાટીદાર જ્ઞાતિનો ખરો ઉદ્ધાર છે".**

સંતશ્રીની આવી લાગણીના અનુસંધાને આ વર્ષે પ્રથમ સનાતની અધિવેશનમાં કેટલાક નીતિ નિયમોને જ્ઞાતિના રીત રિવાજો સાથે સર્વાનુમતે પસાર કરવામાં આવેલ છે. જેને આ નાનકડી પુસ્તિકા રૂપે આપના કરકમલમાં મુકતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

નખત્રાણા (કચ્છ)
તા. ૧૪.૫.૨૦૨૩

અબજીભાઈ વિશ્રામભાઈ કાનાણી	**પુરષોત્તમભાઈ રવજીભાઈ ભગત**
પ્રમુખશ્રી	મહામંત્રીશ્રી

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

કચ્છ કડવા પાટીદાર સનાતની જ્ઞાતિ અધિવેશન

નખત્રાણા-કચ્છ

તા. ૧૪-૦૫-૨૦૨૩

જ્ઞાતિ રીત રિવાજો

પૃષ્ઠભૂમિ

હિન્દુ ધર્મમાં જેવી રીતે મહાકુંભ મેળાનું મહત્વ છે આપણી જ્ઞાતિમાં પણ તેવું જ મહત્વ અધિવેશનનું છે. દર બાર વર્ષે યોજાતા મહાકુંભમાં ભારતભરના ધર્માચાર્યો, સંતો, ઋષિઓ, મહર્ષિઓ કોઈ પવિત્ર સ્થળે ભેગા મળી હિંદુ ધર્મની પ્રવર્તમાન આધ્યાત્મિક સ્થિતિનું ચિંતન અને સમીક્ષા કરે છે. જરૂર જણાય ત્યાં ફેરફારો કરી ધર્મને ચેતનવંતો બનાવવાના પ્રયત્નો કરે છે. ભારત વર્ષના સાધુ-સંતો ૧૨ વર્ષનું ભાથુ આપીને આધ્યાત્મિક ક્ષેત્રે સુસજ્જ કરી શ્રેષ્ઠ ભારતના નિર્માણ માટે સૌને પ્રેરણા આપે છે. તેવી જ રીતે આપણી સમાજમાં પણ દર ૧૦-૧૨ વર્ષે જ્ઞાતિનું અધિવેશન યોજાય છે. એક પ્રકારે આ પણ આપણી સમાજનો મહાકુંભ જ છે. તેમાં સમયની માંગ પ્રમાણે સમૂહ ચિંતન અને સમીક્ષા કરી રીતિ રિવાજોમાં જરૂરી ફેરફાર કરવામાં આવે છે.

યોગ્ય સમયે લીધેલા નિર્ણયો ભવિષ્યને ઉજ્જવળ અને સોનેરી બનાવે છે. સમાજમાં સમજદાર વડીલો, યુવાનો અને નારી શક્તિએ સમાજના સર્વાંગી ઉત્કર્ષ માટે લીધેલ નિર્ણયોનું સમયાંતરે અવલોકન અને મૂલ્યાંકન થાય એ સમાજ હંમેશા પ્રગતિ અને સમૃદ્ધિ તરફ નિરંતર ગતિ કરતો રહે છે.

જ્ઞાતિના ઠરાવો ઘડવા પાછળના કારણો જોઈશું તો ખ્યાલ આવશે કે એ એવા રિવાજો વિશે છે જે આપણી જ્ઞાતિમાં એક્વાયક્તા તો લાવે જ છે પણ સાથે સાથે જ્ઞાતિમાં સંપ-સંગઠન-એકતા વધારવા માટે એને એવી રીતે ઘડવામાં આવ્યા છે કે જ્ઞાતિનું નાનામાં નાનું ઘર આ ઠરાવોને સ્વમાન અને ગૌરવ ભેર પાળી શકે, અને કોઈ વધુ ઉદાર ચિત્તે વ્યવહાર કરે તો તેને અતિશયોક્તિની સીમાનું ભાન પણ કરાવે છે. આ ઠરાવો પાળવાના તો છે જ. એમાં કોઈ બેમત નથી. પણ શબ્દસઃ પાલનની અપેક્ષાએ ઠરાવો પાછળનો ઉચ્ચ ભાવ અને ઉદ્દેશો સચવાય એ વધારે મહત્વનું છે. આ ઠરાવોથી આપણને ખબર પડે કે આપણાં પ્રસંગોના કયા પડાવે /વખતે કેટલો અને કેવો વ્યવહાર કરવો જોઈએ.

ઠરાવ નંબર ૧ : જ્ઞાતિના રીત રિવાજોના ઠરાવો અંગે

કચ્છ કડવા પાટીદાર સનાતન જ્ઞાતિની આગેવાનીમાં અગાઉ છેલ્લી વખત તા.૧૨-મે-૨૦૧૦ના પંચમ અધિવેશનમાં જ્ઞાતિ રિત રીવાજોના ઠરાવો પસાર કરેલ હતા. સમય, પરિસ્થિતિ અને સંજોગો અનુસાર આ રીત રિવાજોમાં બદલાવ કરવાની જરૂરત જણાઇ રહી છે. જે આજે તારીખ ૧૪ મે-૨૦૨૩ ના રોજ સવારે ૯:૦૦ કલાકે કચ્છ કડવા પાટીદાર સનાતન જ્ઞાતિના પહેલા અધિવેશનમાં સમયોચિત જરૂરી સુધારા વધારા તેમજ નવા ઠરાવો કરવાની આથી જ્ઞાતિજનો મંજૂરી આપે છે. જે એજ દિવસથી અમલમાં આવશે.

ઠરાવ નંબર ૨ : બોલામણા સંબંધે

(૧) બાળકના જન્મ પછી બોલાવવાના પ્રસંગે બાળકની માતાના સગા ભાઈ-બહેનો તથા કાકાઈ ભાઈઓને જવાનું રહેશે.

(૨) આવા પ્રસંગે એકટાણાથી વધુ રોકાવું નહીં.

(૩) મર્યાદિત સંખ્યામાં જવું.

ઠરાવ નંબર ૩ : પછેડો / જીયાણું આપવા સંબંધે

(૧) દીકરીને ત્યાં બાળક જન્મ નિમિત્તે પછેડો બંને પક્ષોની અનુકૂળતા પ્રમાણે આપવો.

(૨) વિવેક બુદ્ધિથી મર્યાદિત સંખ્યામાં જવું,

નોંધ : ઠરાવ નં.૨ અને ૩ માં સમાવિષ્ટ પ્રસંગો શક્ય હોય ત્યાં સુધી સાથે યોજવા

ઠરાવ નંબર ૪ : સગપણ કરવા સંબંધે

(અ) બાળકોની તદ્દન નાની વયે સગપણ કરવા નહીં. સગપણ કરવા માટે વય મર્યાદા નીચે મુજબ રહેશે.

(૧) છોકરાની વય ઓછામાં ઓછી ૨૦ વર્ષ

(૨) છોકરીની વય ઓછામાં ઓછી ૧૭ વર્ષ

નોંધ : ચાલુ અભ્યાસ દરમ્યાન પણ સગપણ થઈ શકશે.

(બ) સગપણ કરતી વખતે દીકરાના માવિત્રોએ નીચે મુજબની વસ્તુઓ આપવી.

(૧) સોપારી નંગ-૧.

(૨) ટોપરા અથવા નાળિયર નંગ-૨ અને મીઠાઈ

(૩) ઉમિયા માતાજી અથવા લક્ષ્મીનારાયણ ભગવાનનો ચાંદીનો સિક્કો.

નોંધ : ઉપર જણાવેલ સિવાય કોઈ લેતી દેતી કરવી નહીં.

(ક) બને ત્યાં સુધી સામ સામે સગપણ કરવા નહીં.

(ડ) સોપારી સગપણ થયા બાદ, તદ્દન અનિવાર્ય અને પ્રતિકૂળ સંજોગો સિવાય થયેલ સગપણ ફોક કરવું જોઈએ નહીં.

ઠરાવ નંબર ૫ : સગાઈ (ટીલા - ચાંદલા વિધિ) સંબંધે

સગાઈ (ટીલા) સંબંધે દીકરાના માવિત્રોએ નીચે મુજબની વસ્તુઓ આપવી

(૧) કપડાની જોડી – ૧

(૨) ગોળ અથવા મીઠાઈ

(૩) શુભ શુકનના રૂપિયા ૫૦૧ રોકડા આપવા

(૪) પગના સાંકળા જોડી ૧

(૫) નાકની સળી નંગ ૧

(૬) આ પ્રસંગે વિવેક બુદ્ધિથી મર્યાદિત સંખ્યામાં જવું

(૭) એક ટાણાથી વધારે રોકાવું નહીં (અતિદૂરના સ્થળેથી આ પ્રસંગે આવનારે અનુકૂળતા મુજબ વર્તવું.

(૮) પ્રિવેડિંગ, રીંગ સેરેમની જેવી ખોટી પ્રથા આપણી સંસ્કૃતિને અનુરુપ ના હોતા તે સદંતર બંધ કરવી. આનું ઉલ્લંઘન સામાજિક ગુન્હો ગણાશે.

નોંધ ૧ : ઠરાવ નંબર ૪ અને ૫ ના પ્રસંગો શક્ય બને ત્યાં સુધી સાથે જ ગોઠવવા

નોંધ ૨ : હસ્ત મેળાપના દિવસે ટીલા – ચાંદલા વિધિ ટાળવી.

ઠરાવ નંબર ૬ : તહેવારના લાગા સંબંધે

સગપણ થયા પછીના પ્રથમ વર્ષે આવતા તહેવારોમાં દીકરાના માવતરે પુત્રવધુને લાગા (સપેતરુ) દિવાળી, હોળી, જન્માષ્ટમી વગેરે તહેવારો પર યોગ્ય મીઠાઈઓ આપવી.

ઠરાવ નંબર ૭ : લગ્ન લખવા તથા વધાવવા સંબંધે

(૧) લગ્ન લખતી વખતે કન્યા પક્ષે લગ્નપત્રિકાના પુડામાં શુભ શુકન તરીકે રૂ. ૧૦૦ મુકવા.

(૨) લગ્ન વધાવતી વખતે વર પક્ષે શુભ શુકન તરીકે રૂ.૧૦૦ આપીને લગ્ન વધાવવું.

(૩) લગ્ન પત્રિકા વધાવવા લઈ જવા માટે કન્યા પક્ષ તરફથી ૨ થી ૪ માણસોએ વરપક્ષના ઘરે જવું.

નોંધ : વધુ અંતર હોય તો સંદેશ વ્યવહારનો ઉપયોગ કરવો.

ઠરાવ નંબર ૮ : મામેરા સંબંધે

(૧) મામેરામાં ભાણેજને વાઘાના કપડા વગેરે તેમજ બહેનને તથા બનેવીને કપડાની જોડી આપવી. તે સિવાયના બાકીનાઓને પહેરામણી બદલ રૂ. ૨૦૦ રોકડા આપવા અને જમણ તેમજ દાગીના વગેરે ગુપ્તપણે આપવું.

(૨) મામેરાની વળતરમાં ભાઇને શાલ અને ભાભીને સાડી તથા બ્લાઉઝ આપી શકાશે.

(૩) મામેરું બેઠું ભરવું અને તેની જાહેરાત કરવી નહીં.

(૪) મામેરામાં મર્યાદિત સંખ્યામાં જવું

નોંધ ૧ : મામાએ કન્યાને વાઘાના કપડામાં માત્ર પાનેતર, બ્લાઉઝ અને ચણિયો આપવાનો રહેશે.

નોંધ ૨ : હાથ પગના અંગૂઠા ધોવાની પ્રથા સદંતર બંધ કરવી.

ઠરાવ નંબર ૯ : લગ્ન (વિવાહ) સંબંધ

(૧) વર અને અણવર સિવાય જાનમાં વધારેમાં વધારે ૧૫૦ માણસો જઈ શકશે. અને કન્યાપક્ષે જાનને એક ટાણું જમાડવી.

નોંધ : બહુ દૂરથી આવનાર જાનને અનિવાર્ય સંજોગોમાં અનુકૂળતા મુજબ વ્યવસ્થા કરવી.

(૨) લગ્ન પ્રસંગે વરપક્ષે લાગા તરીકે નીચે મુજબ આપવાનું રહેશે.

(ક) જાન તોરણે લેતા સમયે ગોતીડાવાળી બેનને પોખવાના રૂ. ૧૦૦/- વરપક્ષે આપવા

(ખ) વરપક્ષ જાન લઈને કન્યાપક્ષને ત્યાં પધારે ત્યારે કન્યા માટે ચુંદડી (ઘરચોળું) વરપક્ષ તરફથી કન્યાને આપવાનું રહેશે. જે પહેરીને કન્યા લગ્નમંડપમાં પધારશે.

(ગ) કાંકણની જોડી નંગ ૧

(ઘ) મંગળસૂત્ર ૧.

(ચ) મોડિયો નંગ ૧

(છ) પડલું ભરવું નહિ

(૩) કન્યા પક્ષ તરફથી વરપક્ષને નીચે મુજબના લાગા આપવાના રહેશે.

(ક) જમાઈને રોકડા રૂ. ૫૦૦ અથવા કપડાં

(ખ)વરના પિતાને રૂ. ૨૦૦ અથવા કપડાં

(ગ) વરની માતાને રૂ. ૨૦૦ અથવા કપડાં

(ઘ) વરના દાદાને રૂ. ૨૦૦ અથવા કપડાં

(ચ) વરની દાદીને રૂ. ૨૦૦ અથવા કપડાં

(છ) બાકીના કુટુંબીજનોને (કાકા-કાકી, જેઠ-જેઠાણી, દેર-દેરાણી, નણંદ વગેરે) પહેરામણીના રૂા. ૧૦૦/- આપવા.

(જ) મા-માટલું આપવું.

(ઝ) કાંસાની થાળી નંગ ૧, વાટકી નંગ ૧ અને ચમચી નંગ ૨

(ટ) કન્યાદાનમાં પોતાની શક્તિ મુજબ રોકડું આપવું અને તેની જાહેરાત કરવી નહીં.

(ઠ) હસ્તમેળાપ વિધિની ગરિમા સચવાય એ માટે લગ્ન મંડપમાં કન્યાએ નાચ-ગાન/ડાન્સ કરતાં ન આવવું અને વરરાજાએ કન્યાને સામે લેવા જવું નહીં.

(૪) નવદંપતીને વરપક્ષ વાળા આશીર્વાદ આપી શકશે.

(૫) લગ્ન વિધિ પૂરી થયા બાદ કન્યા વરના ઉતારે જાય ત્યારે નવવધુના સ્વાગત રૂપે વરપક્ષ તરફથી માત્ર મીઠાઈ આપવાની રહેશે.

(૬) લગ્ન પ્રસંગે બન્ને પક્ષોએ ખુશાલીથી ભેટ તરીકે નીચે મુજબ દાન પુણ્ય કરવાનું રહેશે.

(ક) ઉમિયા માતાજીને ભેટ યથા શક્તિ મુજબ મોકલાવવી.

(ખ) સ્થાનિક મંદિરે ધર્માદામાં યથાશક્તિ ભેટ આપવી.

(ગ) વરપક્ષ તેમજ કન્યાપક્ષે આ શુભ પ્રસંગ નિમિત્તે શિક્ષણભેટ કેન્દ્રીય સમાજને મોકલાવવી.

નોંધ :

(૧) આ પ્રસંગમાં કોઈપણ જાતનો પ્રસાદ કે મુખવાસ વહેંચવાનો નહીં.

(૨) અનિચ્છનીય પ્રથા જેવી કે ફેરા ફરતી વખતે વર-કન્યાના પગ પકડવા,

બારણું રોકવું, પગરખાં છુપાવવાં, ખોળામાંથી રૂપિયા ઉપાડવા જેવી પ્રથાઓ સદંતર બંધ કરવી.

(૩) નવદંપતીએ પ્રથમ દિવસે વર કન્યા દ્વારા સામસામે અપાતી ભેટ સોગાદ કોઈપણ સંજોગોમાં આપવી નહીં.

(૪) નવવધુને પિયરપક્ષ તરફથી મળેલ દાયજો બતાવવો નહીં.

(૫) કન્યાપક્ષવાળાએ વરપક્ષના અણવરોને સ્વેચ્છાએ રૂા.૨૦૦/- રોકડા આપવા.

(૬) કન્યાપક્ષવાળાએ વરપક્ષની લોણારીને સ્વેચ્છાએ રૂા.૨૦૦/ રોકડા આપવા.

(૭) હલ્દી/મહેંદી રસમ સદંતર બંધ કરવી, પારંપરિક પીઠી વિધિ કરી શકાશે.

(૮) વરઘ સમયે લોણારી પ્રથા બંધ કરવી.

(૯) વરઘોડા દરમિયાન જાહેર જગ્યા ઉપર થતાં નાચ-ગાન/ડાન્સ અને ગોળ કરવી નહીં.

ઠરાવ નંબર ૯ (અ) : સિમંત પ્રસંગ (ગર્ભ સંસ્કાર)

(દીકરીના ગર્ભધારણના સાતમા માસે પ્રસંગ)

દીકરીના ઘેર બાળ જન્મ પહેલા ગર્ભધારણના સાતમા મહિને સિમંત પ્રસંગ ઉજવવામાં આવે છે આ પ્રસંગે...

(૧) કન્યા પક્ષ તરફથી મર્યાદિત સંખ્યામાં પરિવારની મહિલા સભ્યોએ આપણી સમાજની પરંપરા મુજબ સિમંત વિધીનો સુટકો સાદગી પૂર્ણ કરવો. જેમા, વરપક્ષના માત્ર પરિવારજનો હાજર રહી શકશે.

(૨) આ શુભ પ્રસંગે વરપક્ષ વાળાએ બેબીશાવર, પ્રી બેબી શૂટિંગ જેવા અશોભનીય તાયફાઓ કરવા નહીં.

ઠરાવ નંબર ૧૦ : સમૂહ લગ્ન સંબંધે

(૧) આપણી જ્ઞાતિમાં સમૂહ લગ્નો દર વર્ષે અનુકૂળતાએ થઈ શકશે.

(૨) કોઈપણ ગામ કે કુટુંબ સમૂહલગ્ન (એકસાથે એક જ દિવસે લગ્ન) કરવા માંગતા હોય તો કોઈ પણ ગામમાં બન્ને પક્ષવાળાએ વાંધો લેવો નહીં. આ સમૂહલગ્ન પ્રથાને જો કોઈપણ તોડવા પ્રયત્ન કરે તો તેને કુટુંબ તથા ગામ

સમજાવે અને જો ન સમજે તો તેને સહકાર આપવો નહીં.

(૩) સમૂહલગ્નનો હેતુ સમય, શક્તિ, નાણાનો બચાવ અને સંગઠન ભાવના વધે તે માટે આયોજન કરવામાં આવે છે. જેથી સભ્યોએ સમૂહ લગ્નમાં જોડાઈ સહકાર આપવો.

(૪) સમૂહલગ્નમાં જોડાતા પરિવારે ઘેર માંડવાનો પ્રસંગ સાદગીથી મર્યાદિત સંખ્યામાં કરવો.

(૫) સમૂહલગ્નમાં જોડાતા પરિવારે મોટા જમણ અથવા તો રિશેપ્સન જેવા તાયફા કરવા નહીં.

ઠરાવ નંબર ૧૧ : આણા સંબંધે

લગ્નબાદ કન્યાપક્ષ તરફથી સગા સંબંધી સાથે દીકરીનું ઘર જોવાની / આણાંની પ્રથા શક્ય હોય તો ટાળવી.

ઠરાવ નંબર ૧૨ : પુનઃ લગ્ન સંબંધ

(૧) કોઈપણ સ્ત્રી અથવા પુરુષ વિધવા અથવા વિધુર બને અથવા જ્ઞાતિ રીત મુજબ છુટાછેડા મેળવે તેનું પુનઃલગ્ન થઈ શકશે. સંજોગો અનુસાર પુનઃ લગ્નમાં બાળકો સાથે રાખી શકાશે.

(૨) આવા પુનઃલગ્નનું સગપણ કરતી વખતે વરપક્ષ તરફથી રૂ.૫૦૧ આપવા.

નોંધ : પુનઃ લગ્ન વખતે સાથે રહેલ બાળકોના ભવિષ્યની સુરક્ષા માટેનું કાયદાકીય લખાણ સામેલ કરવાનું રહેશે.

(૩) આવા પુનઃ લગ્નમાં વર અને અણવર સિવાય વધારેમાં વધારે ૫૦ માણસોએ જવું અને એક ટાણું જમવાનું રહેશે.

(૪) આવા પ્રસંગે વરપક્ષે નીચે મુજબ કપડાં તથા દાગીના આપવાના રહેશે.

(ક) કપડા ની જોડી ૧ કન્યા માટે

(ખ)નાકની સળી હેમની નંગ ૧

(ગ)મઢેલું કંકણ નંગ ૧

(ઘ) પગના સાંકળા જોડ નંગ ૧

(ચ) મંગળસૂત્ર આપવું

(છ)આ ઉપરાંત દાગીના કે રોકડ રકમ આપવી નહીં

(જ) જો બાળકો સાથે હોય તો કપડાંની જોડ ૧

(ઝ) પાછા આણા સદંતર બંધ કરવામાં આવે છે

(૫) ચોરી સિવાય શાસ્ત્રોક્ત વિધિ મુજબ પુનઃલગ્ન વિધિ કરવી.

ઠરાવ નંબર ૧૩ : છૂટાછેડા સંબંધે

(૧) એક વખત સમજી વિચારીને લગ્નગ્રંથિથી જોડાયા બાદ છુટાછેડા લઈ શકાશે નહીં. પરંતુ અનિવાર્ય સંજોગો ઉપસ્થિત થતા પ્રશ્નોમાં કુટુંબો/સમાજો દ્વારા સમાધાનના પ્રયાસો સફળ ન નિવડે ત્યારે છુટાછેડા લઈ શકાશે.

નોંધ : છૂટાછેડા અંગેનો સામાજિક રીતે ન્યાય સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

(૨) સમાજના કોઈપણ ભાઈએ એક પત્નીની હયાતીમાં બીજી પત્ની કરવી નહીં. કાનુનના ઓથે રહી "રખાત" નામનું કલંકીત દૂષણ અપનાવી શકાશે નહીં. એવું નિંદિત કાર્ય કરશે અથવા જે કોઈ સાથ સહકાર આપશે, તેઓ પણ સામાજિક ગુનાહને પાત્ર ગણાશે. આ કાર્ય કરનાર અને કરાવનાર પાસેથી સમાજ જરૂરી ખુલાસાઓ મેળવશે અને તે અંગે સમાજના નિયમની અવગણના કરનારને કોઈપણ સામાજિક સંગઠન કે સંસ્થાઓના સભ્યપદેથી દૂર કરી શકાશે. આવા દૂષણો ન થાય તે માટે કુટુંબ, પાંખડી કે ગામની તકેદારી સમિતિના સભ્યો અને કાર્યકર્તાઓએ તકેદારી રાખવાની રહેશે.

(૩) આપણી જ્ઞાતિમાં સમાજ દ્વારા સ્થાપિત વ્યવસ્થા મારફતે છૂટાછેડા લેવાની પરંપરા પ્રથમથી જ છે. આવી પરંપરાને કાયદાકીય જોગવાઈમાં Costomary Divorce તરીકે માન્યતા મળેલ છે. માટે, છૂટાછેડાના લખાણ / ચુકાદામાં કાયદાકીય જોગવાઈ અનુસાર "કસ્ટમરી ડિવોર્સ"ની કલમનો ઉપયોગ કરવાનો રહેશે.

(૪) આ ઠરાવનું પાલન કરવાની મુખ્ય જવાબદારી ઘટક/ઝોન સમાજની રહેશે.

ઠરાવ નંબર ૧૪ : મરણ પછીના ખર્ચ (દાડા) સંબંધે

(૧) મૃત્યુ પામનાર વ્યક્તિની ધાર્મિક વિધિ બાદ બ્રાહ્મણો અને નીયાણીઓને જમાડવા પરંતુ તેરમું કરવું નહીં.

(૨) મૃત્યુ પામનાર વ્યક્તિ પાછળ તેના સ્મરણાર્થે કોઈ રકમ આપવા માગતા હોય તો તેઓને સમાજના કેળવણી ફંડ, હોસ્પિટલ ફંડ અથવા એવા

સામાજિક ઉન્નતિના કાર્યોમાં તે રકમ આપવા આ સભા અત્રેથી ભલામણ કરે છે.

(૩) મરણ બાદની વિધિઓ માટે દિવસની ગણતરી **દેહત્યાગના** દિવસથી કરવાની રહેશે.

નોંધ :

(૧) દૂરના સ્થળે રહેતા સંબંધીઓએ રૂબરૂ નહીં જતા સંદેશ વ્યવહારનો ઉપયોગ કરી શકશે.

(૨) અત્યારના સમયે બેસણાની વિધિ દિવસો શક્ય તેટલા ઘટાડી શકાશે.

(૩) મરણ બાદ અપાતી પાઘડી જેવી પ્રથાને સદંતર બંધ કરવી.

ઠરાવ નંબર ૧૫ : કુદરતી ઘર ભંગ થાય તે સંબંધે

(૧) દીકરીને સાસરાના ઘરે મોકલ્યા પછી મૃત્યુ પામે તો દીકરીને જીવિત સમય દરમિયાન આપેલ દાનની કોઈપણ વસ્તુ પાછી લેવી નહીં.

(૨) જમાઈનું મૃત્યુ થાય તેવા પ્રસંગે દીકરીના માવિત્ર તે દીકરીને ત્યાંથી લઈ જવા માગતા હોય તો દીકરીના માવિત્રોએ આપેલ દાગીના સિવાય બીજું કંઈ પણ પાછું લઈ શકાશે નહીં.

(૩) જો દીકરીને બાળકો હોય અને તે દીકરીની સાથે આવતા હોય ત્યારે માવિત્રો તરફથી અપાયેલ દાગીના અને દાયજો તેમજ સસરા પક્ષે આપેલ દાગીના સાથે પરત આપવાના રહેશે.

નોંધ ૧: જમાઈનું મૃત્યુ થાય ત્યારે દીકરીને તાત્કાલિક ઘર મૂકાવીને ઉઠાડી લેવાના બદલે તેના ભવિષ્યનો વિચાર કરવા ઉચિત સમય આપવો જોઈએ, ભવિષ્યના નિર્ણયમાં દીકરીનો પણ અભિપ્રાય લેવો જોઈએ.

નોંધ ૨ : આપણી જ્ઞાતિની પ્રથમથી જ પરંપરા રહી છે, કે દીકરી પુનઃ લગ્ન કરે તો પહેલા સાસરા પરિવારની મિલકતમાં ભાગ માંગી શકે નહીં.

ઠરાવ નંબર ૧૬ : શિક્ષણ સંબંધે

(૧) આ સભા જ્ઞાતિજનોને ખાસ ભલામણ કરે છે કે આ પ્રગતિશીલ યુગને અનુસરીને સૌ પોતાના બાળકો (પુત્ર પુત્રીઓ)ને ઉચ્ચ શિક્ષણ ફરજિયાત અપાવે. પોતાના સંતાનોને ઉચ્ચ શિક્ષણ આપવાની ધગશ ધરાવનારને સમાજ અત્યંત ઉત્સાહ આપે છે અને તેની કદર કરે છે.

(૨) સમાજે શરૂ કરેલ શિક્ષણ નિધિ ફંડમાં ઉદાર હાથે ભેટ નોંધાવવી જેથી જરુરિયાતમંદ પરિવારના સંતાનોને શિક્ષણ નિધિ દ્વારા મદદ કરી શકાય.

(૩) દેશ - પરદેશમાં વસતા સમાજના ભાઈ બહેનોએ પોતાના ઘરમાં માતૃભાષા ગુજરાતીનો ઉપયોગ કરવો જોઈએ તેવી આ સભા ભલામણ કરે છે.

ઠરાવ નંબર ૧૭ : લગ્ન વિધિ બાબત

દરેક ગામ, કંપાઓ તેમજ અન્ય સ્થળોએ લગ્ન વિધિ અંગેની બ્રાહ્મણોની પદ્ધતિ અલગ હોય છે. તેમાં અલગ અલગ પદ્ધતિના કારણે મનદુઃખ ન થાય તે માટે સમાજે વિવાહ સંસ્કારની પુસ્તિકા પ્રકાશિત કરેલ છે. તે મુજબ જ દરેક જગ્યાએ લગ્ન વિધિ કરવી જોઈએ તેવો સમાજ આગ્રહ રાખે છે.

નોંધ :

(૧) સરકારશ્રીના નિયમો મુજબ લગ્ન નોંધણી ફરજિયાત હોવાથી રજીસ્ટ્રેશન ઓફિસે ફરજિયાત નોંધ કરાવવી.

(૨) બ્રાહ્મણ અને બન્ને પરિવારોની ઉપસ્થિતિમાં સાદાઈ/ફુલહારથી થતા લગ્નો શાસ્ત્રોક્ત કરવા જોઈએ.

જ્ઞાતિના નીતિ નિયમો

ઠરાવ નંબર ૧૮ : બાહ્ય આચરણો અંગે

જ્ઞાતિમાં સંપૂર્ણ એકવાયકતા જળવાય તે માટે કચ્છ - ગુજરાત અને ભારત તેમજ વિદેશમાં વસતા આપણા સમાજના જ્ઞાતિજનોએ જન્મથી મરણોત્તર સુધીના સંસ્કારો સનાતન હિંદુ રીત રિવાજો મુજબ પાળવાના રહેશે. મરણ પછી અગ્નિ સંસ્કાર વિધિ કરવાની રહેશે.

ઠરાવ નંબર ૧૯ : સનાતની ઓળખ બાબતે

કોઈ પણ વ્યક્તિ જે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિનો હોય એ વ્યક્તિ સનાતની જ્ઞાતિનો સભ્ય છે કે નહીં, અથવા બનવા લાયક છે કે નહીં, અથવા માત્ર સનાતન ધર્મ પાળે છે કે નહીં (સનાતન સાથે અન્ય ધર્મ પાળતો હોવો ના જોઇએ), તેના ઉપર યોગ્ય તપાસ કરી આખરી નિર્ણય લેવાનો સર્વોચ્ચ અધિકાર માત્ર શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજને જ રહેશે. એના દ્વારા

લેવામાં આવેલ નિર્ણય સર્વેને બંધનકર્તા રહેશે અને તેના વિરુદ્ધ કોઈ પણ ફરિયાદ કરી શકશે નહીં.

ઠરાવ નંબર ૨૦ : માત્ર સનાતન ધર્મ પાળવા બાબતે

શ્રીસમાજના સ્થાપક વડવાઓના અભિગમને અનુસરી આ સમાજ (એટલે કે સનાતન સમાજ એટલે કે સનાતની જ્ઞાતિ) સનાતન હિન્દુ પરંપરાને જાળવીને હંમેશને માટે કાર્ય કરવાનો આદેશ હતો તેથી આ સમાજ તેજ વિચારધારા પર કાર્ય કરશે અને સમાજમાં સનાતન હિન્દુ ધર્મનો પ્રચાર-પ્રસાર કરશે. આ સમાજમાં માત્ર સનાતન ધર્મ પાળનાર લોકો જ સભ્ય રહેશે. ગેર-સનાતની રીત-રિવાજો, પરંપરાઓ, માન્યતાઓને સમાજમાંથી નાબૂદ કરવા પ્રયાસો કરતા રહેશે.

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિનો કોઇ પણ સનાતની સભ્ય જો સનાતન ધર્મ ત્યાગે અથવા વિધર્મ સ્વીકારે, જેમ કે ઉપર જણાવ્યા પ્રમાણે સતપંથ ધર્મ કે અન્ય કોઈ ધર્મ સ્વીકારે, અથવા તો સતપંથ સમાજ કે સંગઠનનો સભ્ય બને તો તેનું જ્ઞાતિના સભ્ય તરીકે પોતાની મેળે તે દિવસથી જ સભ્યપદ રદ થયેલું ગણાશે. જેથી એ વ્યક્તિ જન્મથી જ સનાતની જ્ઞાતિનો નથી એવું માનવામાં આવશે. પરિણામે સનાતની જ્ઞાતિના તમામ હક્કો અને લાભોથી સંપૂર્ણ રીતે વંચિત થયેલો ગણાશે. સનાતની જ્ઞાતિ/સમાજનું સભ્યપદ રદ થવાના કારણે એવા સભ્યને જ્ઞાતિની તમામ સંસ્થાઓ દ્વારા કે વ્યક્તિઓ દ્વારા કોઈ પણ પ્રકારનું વળતર આપવામાં આવશે નહીં. એ સભ્યએ આપેલ દાનની રકમ કે સભ્ય ફી કે અન્ય કોઈ પણ નાણામાં કે જ્ઞાતિ કે સમાજની કોઈ પણ મિલકતમાં ભાગ માંગી શકશે નહીં, તેમજ એને કંઇ આપવામાં આવશે નહીં.

ઠરાવ નંબર ૨૧ : સતપંથીઓ જોડે લગ્ન સંબંધ બાબતે

આપણી સનાતની જ્ઞાતિના દીકરા-દીકરીના નવાં લગ્ન તેમજ સગપણો હિન્દુ સનાતન ધર્મ ન પાળતા પરિવારો સાથે ન થાય એવો સંત ઓધવરામ મહારાજ તેમજ આપણી સનાતન જ્ઞાતિના સુધારક વડીલોનું અભિગમ રહ્યો હતો. માટે એ અભિગમને સફળ અને યથાર્થ કરવાની જવાબદારી દરેક સનાતની જ્ઞાતિજનોની રહેશે.

આપણી જ્ઞાતિના પંચમ અધિવેશનમાં સનાતનની સ્પષ્ટ નીતિં જાહેર કર્યા પહેલા (વર્ષ 2010 પહેલાં), દિકરા- દિકરીના સગપણ/લગ્ન સતપંથ ધર્મ

પાળતા હોય તેવા પરિવારમાં થયેલ હોય, તો તેવા સંબંધો વિવેક બુધ્ધીથી જાળવી રાખવાના રહેશે. દિકરા કે દિકરીને ત્યાં લગ્ન વ્યવહારિક પ્રસંગ હોય તો મામેરા વગેરે પ્રસંગે સીમીત સંખ્યામાં જવું. વધારેમાં વધારે દિકરીના દાદા કુટુંબના લોકોએ જવાનું રહેશે. દિકરીને ત્યાં મરણ પ્રસંગ હોય ત્યારે મરણની વિધિ સનાતન હિન્દુ વૈદિક ધર્મ મુજબ (એટલે કે અગ્નિસંસ્કાર) થયેલ હોય તો જ જવાનું રહેશે અન્યથા જવાનું રહેશે નહી.

નોંધ ૧ : સર્વે જ્ઞાતિ જનોએ ખાસ ધ્યાન રાખવું કે એવા કોઈ દેખાવો કે વ્યવહારો ના કરવા કે જેથી અન્ય લોકો પ્રેરાય અને આવા સંબંધોને પ્રોત્સાહન મળે. આવા નવા સંબંધો ના બંધાવા જોઈએ એની ખાસ તકેદારી લેવાની રહેશે.

નોંધ ૨ : સ્થાનિક પરિસ્થિતિને ધ્યાને રાખી, આ ઠરાવનું ચુસ્ત પણે પાલન કરવા માટે, ઝોન અને સ્થાનિક સમાજ જરૂરિયાત પ્રમાણે જરૂરી પગલાં લઈ શકશે.

નોંધ ૩ : આપણી જ્ઞાતિની પ્રથમથીજ પરંપરા રહી છે કે, દીકરી અન્ય જ્ઞાતિમાં પરણે તો એ આપણી જ્ઞાતિની સભ્ય રહેતી નથી, પરિણામે દીકરી / નિયાણી તરીકે મળતા સામાજિક લાભોથી વંચિત થઈ જાય છે.

ઠરાવ નંબર ૨૨ : સતપંથીઓ જોડે સામાજિક અને ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેવા બાબતે

ધાર્મિક તથા સામાજિક પ્રસંગો જેવા કે પરિવાર મિલન, નિયાણીઓના પ્રસંગો, સમૂહ લગ્ન, નવરાત્રી, જન્માષ્ટમી વગેરે નાના મોટા તહેવારો, તેમજ જ્ઞાતિમાં આવેલા ઉપાસનાના કોઈ પણ શ્રદ્ધા કેન્દ્રો, દેવી-દેવતા કે પિતૃઓના મંદિરો તેમજ તમામ ધાર્મિક સંસ્થાઓ અને સંસ્થાઓના ઉત્સવો, જીર્ણોધારો, પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ, સામાજિક અને ધાર્મિક મેળાવડાઓ, પારાયણો, જ્ઞાનસત્રો વગેરેના આયોજનો અને કાર્યક્રમો સતપંથને માનતા લોકો સાથે કરવાના રહેશે નહીં. તેમાં સમાજના જ્ઞાતિજનોએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોડાઈને સહકાર આપવો કે ભાગ લેવાનો રહેશે નહીં.

સતપંથ સમાજના લોકોની આગેવાનીમાં યોજાતા સામાજિક કાર્યક્રમો, પરિવાર મિલનોમાં પણ ભાગ લેવાનો કે સહયોગ આપવાનો રહેશે નહીં. તેમજ

સનાતની જ્ઞાતિના સામાજિક કાર્યક્રમોમાં સતપંથ સમાજના લોકોને આમંત્રીત કરવાના રહેશે નહીં.

નોંધ : સ્થાનિક પરિસ્થિતિને ધ્યાને રાખી, આ ઠરાવનું ચુસ્ત પણે પાલન કરવા માટે, ઝોન અને સ્થાનિક સમાજ જરૂરિયાત પ્રમાણે જરૂરી પગલાં લઈ શકશે.

ઠરાવ નંબર ૨૩ : સામાજિક તેમજ ધાર્મિક પ્રશ્નો અંગે

સમાજમાં ઉપસ્થિત થતા ધાર્મિક અને સામાજિક પ્રશ્નોનો સમાજ લેવલે નિરાકરણ લાવવા માટે અલગ પેટા નિયમો સાથેની કેન્દ્રીય સામાજિક ન્યાય સમિતિની નિમણૂક કરવામાં આવેલ છે. તેથી સામાજિક તેમજ ધાર્મિક પ્રશ્નો બાબત સમાજમાં મતભેદ ઊભા થાય તેવા સંજોગોમાં તેનો નિકાલ સામાજિક ન્યાય સમિતિ દ્વારા કરવો. અને તે નિર્ણય અંતિમ રહેશે. કોર્ટ તેમજ પોલીસનો આશરો લેવો નહીં.

ઠરાવ નંબર ૨૪ : સતપંથ સમસ્યાનો અંત લાવવા બાબતે

વિશ્વના સમસ્ત કડવા પાટીદારોની સર્વોચ્ચ સંસ્થા કડવા પાટીદાર કુળદેવી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાએ લગભગ ત્રણ વર્ષના તલસ્પર્શી અભ્યાસ અને આધારભૂત પુરાવા તેમજ બંને પક્ષો સાથે વિસ્તૃત ચર્ચાઓના અંતે સત્યનું સંશોધન કરી દિનાંક ૮-ઓક્ટોબર-૨૦૧૭ના ચુકાદો આપેલ છે. જે લોકો સંપૂર્ણપણે ઈમામશાહ, સતપંથ, નિષ્કલંકી નારાયણ અને પીરાણા ધર્મને છોડી દીધો છે તેવી સંપૂર્ણ ખાતરી થયા બાદ તેવા વ્યક્તિને અથવા કુટુંબને સનાતન સમાજમાં સ્વીકારવામાં આવશે. સતપંથની સમસ્યાથી સનાતની જ્ઞાતિને ધીરે ધીરે કાયમી રીતે મુક્ત કરવા માટે લોકો તરફથી ઉઠતી માંગને ધ્યાને લઈને એવું નક્કી કરવામાં આવ્યું છે કે આ બાબતે સતપંથ ધર્મ અને સતપંથ સમાજને છોડનાર લોકોને સનાતન જ્ઞાતિ/સમાજમાં સ્વીકારવાની આખરી તારીખ ૧૪ મે ૨૦૨૩ નક્કી કરેલ છે.

નોંધ : તા. ૧૪-૫-૨૦૨૩ પછી કોઈપણ ગામના તમામ સતપંથી પરિવારો એકસાથે સનાતન સમાજમાં આવવા સહમત હોય અને જ્યોતિધામ (સતપંથનું ધર્મ સ્થાન)નું વિસર્જન કરે અને સતપંથ સમાજની તમામ મિલક્તો સાથે સનાતન જ્ઞાતિમાં ભળવા તૈયાર થાય તો ખાસ કિસ્સા તરીકે કેન્દ્રીય સમાજે આ અંગે નિર્ણય લેવાનો રહેશે. એકલ દોકલ સતપંથી પરિવારને ઉપરોક્ત તારીખ પછી પ્રવેશ આપવામાં નહીં આવે.

ઠરાવ નંબર ૨૫ : માર્ગદર્શન અને છણાવટ કરવાનો અધિકાર બાબતે

આ જ્ઞાતિ રીત રિવાજો અને નીતિ નિયમોમાં દર્શાવેલ તમામ ઠરાવો અને માર્ગદર્શન પાછળના ઉદ્દેશો અને હેતુઓ મક્કમતાથી પાર પાડવામાં આવે તે માટે સત્તા અને જ્ઞાતિજનોને યોગ્ય માર્ગદર્શન મળતું રહે, તેમજ ભ્રમણાઓ દૂર કરવા માટે સમય સમય પર યોગ્ય નિર્ણયો, ઠરાવો, સૂચનો, આદેશો, માર્ગદર્શનો વગેરે આપવાનો આધિકાર સનાતની જ્ઞાતિની માતૃ સમાજ એટલે કે "શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ" (ટ્રસ્ટ નોંધણી ક્રમ **A-828** કચ્છ)ને રહેશે. આવા નિર્ણયોનું પાલન સર્વ જ્ઞાતિજનોએ કરવાનું રહેશે. તેમજ ઉપરના ઠરાવોમાં સમયોચિત સુધારા-વધારા કરવાની સત્તા પણ માતૃ સંસ્થાને આપવામાં આવે છે.

ભલામણ / માર્ગદર્શન

પ્રયોજન : અમુક બાબતોમાં રાતોરાત ફેરફારો કરવા શક્ય ના હોય કારણ કે એ બાબતોમાં વિચારોની સ્પષ્ટતા ન હોય, લોકોમાં મતમતાંતર હોય. એવી બાબતોમાં લોકો પોતાની અનુકૂળતા પ્રમાણે વર્તન કરતા આવ્યા હોય. પણ તેમના આવા વર્તનથી સમાજની વિચારધારા અને હેતુઓને લાંબા ગાળે નુકસાન પહોંચતું હોય છે. બીજી બાજુ આવા મુદ્દાઓમાં જ્ઞાતિ દ્વારા કડક કે જડ વલણ અપનાવવાથી લોકોને એકદમ અસુવિધા ઊભી થઈ શકે અને જીવનચક્ર ખોરવાઈ જવાની પણ શક્યતા હોય છે. આવી પરિસ્થિતિમાં વિવેક બુદ્ધિ, ધીરજ અને સંયમથી કામ લેવું પડતું હોય છે. અહીં જ્ઞાતિ પોતાના સદ્‌ગુણોનો ઉચ્ચ પરિચય આપી રહી છે.

લોકોને યોગ્ય ભલામણો આપી એમને કઇ જગ્યાએ ફેરફારો કરવા જોઈએ એનું યોગ્ય માર્ગદર્શન આપી રહી છે. સાથે સાથે જ્ઞાતિજનોના લાંબા ગાળાના હિતનું ધ્યાન પણ રાખી રહી છે. માટે સમાજ જ્ઞાતિજનોના પડખે ઊભી રહી, તેમની મુશ્કેલીઓને તેમજ મજબૂરીને સમજી, તેમને કોઈ ખાસ અડચણમાં મૂક્યા વગર નીચે પ્રમાણે ભલામણ કરી રહી છે અને આ ભલામણોનું યથા યોગ્ય પાલન જ્ઞાતિજનો કરે એવી અપેક્ષા રાખે છે.

માર્ગદર્શન-૧ : પીરાણા સતપંથના કાર્યક્રમોમાં હાજરી આપતા સાધુ, સંતો, બ્રાહ્મણો વગેરે બાબતે

જે સાધુ, સંતો, બ્રાહ્મણો વગેરે સતપંથના કાર્યક્રમમાં હાજર રહેતા હોય કે સતપંથીઓનું સામાજિક, ધાર્મિક મનોબળ (મોરલ સપોર્ટ) વધારતા હોય, તેવા સાધુ, સંતો, બ્રાહ્મણો વગેરેને સમાજના તેમજ વ્યક્તિગત કોઈપણ કાર્યક્રમમાં બોલાવવા નહીં, એવી ભલામણ કરવામાં આવે છે.

માર્ગદર્શન-૨ : સતપંથીઓ જોડે ધંધાકીય, વ્યવસાયિક ભાગીદારી બાબતે

સનાતન સમાજે જ્ઞાતિજનો અત્યાર સુધી સતપંથીઓ જોડે ધંધાકીય અથવા તો વ્યવસાયિક ભાગીદારીમાં જોડાયેલા હોય તેવા ભાઈઓએ પોતાની વિવેક બુદ્ધિથી, આવા સંબંધો પૂર્ણ કરવાના રહેશે તેમજ આવા નવા સંબંધો જોડવા નહીં એવી ભલામણ કરવામાં આવે છે.

માર્ગદર્શન ૩ : સંયુક્ત મિલકતો બાબતે

સતપંથીઓ સાથે સંયુક્ત સામાજિક કે અન્ય સંગઠનની મિલકતો હોય, તો અનુકૂળતાએ સ્વતંત્ર કરી લેવા ભલામણ કરવામાં આવે છે.

કચ્છ કડવા પાટીદાર સનાતન જ્ઞાતિના આ રીત રિવાજો અને નીતિ નિયમો, આજે દિનાંકઃ ૧૪-મે-૨૦૨૩ના રોજે ખાસ આ કાર્ય માટે, નખત્રાણા ખાતે બોલાવવામાં આવેલ જ્ઞાતિ સમ્મેલનમાં, હાજર સર્વે લોકો વચ્ચે વાંચી સંભળાવી, જરૂરી તમામ છણાવટો કર્યા બાદ, સર્વાનુમતે પસાર કરવામાં આવેલ છે. જે એજ દિવસથી લાગુ થયેલ ગણાશે એટલે કે એજ દિવસથી અમલમાં આવશે.

અબજીભાઈ વિશ્રામભાઈ કાનાણી
તા. ૧૪.૫.૨૦૨૩
પ્રમુખશ્રી
કચ્છ કડવા પાટીદાર સનાતની જ્ઞાતિ અધિવેશન
નખત્રાણા

વાલાંબેન રવજીભાઇ કાનજીભાઇ ભગત પરિવાર

અંકલેશ્વર (ઉગેડી)

તરફથી હાર્દિક શુભકામનાઓ...



સ્વ.રવજીભાઇ કાનજીભાઇ ભગત



સ્વ.વાલાબેન રવજીભાઇ ભગત



સ્વ.હરિભાઇ રવજીભાઇ ભગત

શુભેચ્છક

જયાબેન પુરષોત્તમભાઇ રવજીભાઇ ભગત
મંજુલાબેન હરિભાઇ રવજીભાઇ ભગત
દમયંતિબેન દિનેશભાઇ રવજીભાઇ ભગત
નિમિષા સૌરભ પુરષોત્તમભાઇ ભગત
જીનલ દિક્ષિત પુરષોત્તમભાઇ ભગત
આરઝુ રોહિત દિનેશભાઇ ભગત
નિષ્ઠા સૌરભ ભગત । ક્રિષા સૌરભ ભગત
વ્યોમ દિક્ષિત ભગત । રાઘવ સૌરભ ભગત

સંબધિત પ્રતિષ્ઠાન

Shree Surya
Timbers
Plot No. 94/2, Timber Market, Ankleshwar

Shree Surya
Wood Industries
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
Shed No. A-1/320, Asian Paint Crossing, GIDC, Ankleshwar

Satyam
Wood Industries
Plot No. D-2/E/378, GIDC, Dahej

Satyam
Packers
Plot No. D-2/E/378, GIDC, Dahej



KENBELL EXTRUSION

Mfg. of Aluminum Section (Architecture & Industrial)

Aradhna Industrial Estate, Phase-3,
Block No. 84/D, 84/E, Po. Jolva, Ta. Palsana, Dist.
Surat-394 305.

kenbellextrusion.com

kenbellextrusion@gmail.com, kenbell1199@yahoo.com

Uttam Patel	**Mohan Patel**	**Parimal Patel**	**Chetan Patel**
99253 55855	99252 78294	99792 11177	90516 81551


Ultimate
Poly Products
Protecting your Product
Dipen Patel
88497 70177
9724797328
Manufacturer & Wholesaler of
LLDPE STRETCH FILM ROLLS.
Plot No. 517, Bahutha Village - Pin-391775
Ta. Savli, Dist. Vadodara (Guj.)
ultimatepolyproducts@gmail.com


Dipen Patel - 88497 70177 | Axit Patel - 88497 68232
halpani
pipes
A Brand of Umiya Industries
Manufacturer of
PVC Rigid Pipes
'UMIYA INDUSTRIES'
PLOT NO. 503, Nr. Bus Stand,
BAHUTHA VILLAGE,
PIN - 391775, TALUKA - SAVLI,
DIST-VADODARA.
umiya.indus@yahoo.com


શુભેચ્છા સહ
SATRAWALA PARIWAR
માતૃશ્રી હીરુબેન રામજીભાઈ ખીમજીભાઈ ભાવાણી પરિવાર
સુરત - રસલીયા (કચ્છ)